# 3 ભારતનો સાંસ્કૃતિક વારસો : શિલ્પ અને સ્થાપત્ય

ભારત તેના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાના કારણે વિશ્વભરમાં જાણીતું છે. શિલ્પ અને સ્થાપત્યની વિવિધતાએ ભારતના ઇતિહાસને નવી ઓળખ આપી છે. ભારતનું પ્રાચીન સિંધુકાલીન નગર આયોજન સમકાલીન વિશ્વના નગર આયોજન કરતાં ચડીયાતું હતું, તેની ગૌરવભેર નોંધ લઈ શકાય.

J3X9P6

### શિલ્પ

શિલ્પી પોતાનાં કૌશલ્ય અને આવડતને છીણી - હથોડી વડે વિવિધ પ્રકારના મનના ભાવો પથ્થર, લાકડું કે ધાતુમાં કંડારે તે કલા એટલે શિલ્પકલા.

### સ્થાપત્ય

સ્થાપત્યનો સરળ અર્થ બાંધકામ એવો થાય છે. સંસ્કૃત ભાષામાં સ્થાપત્ય માટે 'વાસ્તુ' શબ્દ વપરાય છે, જે ખૂબ જ પ્રચલિત છે. આ અર્થમાં મકાનો, નગરો, કૂવાઓ, કિલ્લાઓ, મિનારાઓ, મંદિરો, મસ્જિદો, મકબરાઓ વગેરેના બાંધકામને 'સ્થાપત્ય' કહે છે. સ્થાપત્યકલામાં 'સ્થપતિ'નું કૌશલ્ય પ્રયોજાય છે.

### પ્રાચીન ભારતનું નગર આયોજન

ભારત પ્રાચીન સમયથી નગર આયોજનમાં નિપુણતા ધરાવે છે. પુરાતત્ત્વીય ઉત્ખનન કરતાં આવાં ઘણાં નગરો મળી આવ્યાં છે. આ નગરોના મુખ્ય ત્રણ વિભાગો પડે છે : (1) શાસક અધિકારીઓનો ગઢ (સિટડલ) (2) અન્ય અધિકારીઓના આવાસો ધરાવતું ઉપલું નગર (3) સામાન્ય નગરજનોના આવાસ ધરાવતું નીચલું નગર.



3.1 મોહેં-જો-દડો નગર રચના

- શાસક અધિકારીઓનો ગઢ જે ઊંચાઈ ઉપર બાંધવામાં આવ્યો છે.
- ઉપલું નગર પણ રક્ષણાત્મક દીવાલોથી સુરક્ષિત છે. અહીંથી બેથી પાંચ ઓરડાવાળા મકાનો મળી આવ્યા છે.
- નીચલા નગરનાં મકાનો મુખ્યત્વે હાથે ઘડેલી ઈંટોનાં બનાવેલાં છે.

સિંધુ ખીણની સંસ્કૃતિની પ્રજાએ સ્થાપત્યના ક્ષેત્રે તે સમયની બધી સંસ્કૃતિઓ કરતાં સુંદર અને વ્યવસ્થિત એવાં કેટલાંક નગરો વિકસાવ્યાં હતાં. એ પૈકી હડપ્પા અને મોહેં-જો દડો નામના નગરો મહત્ત્વનાં હતાં.

**(1) મોહેં-જો-દડો :** ઈ.સ. 1922માં સર જ્હોન માર્શલ અને કર્નલ મેકેના માર્ગદર્શન નીચે રખાલદાસ બેનરજી અને દયારામ સહાની નામના ભારતીય પુરાતત્ત્વવિદોને સિંધ (પાકિસ્તાનમાં)ના લારખાના જિલ્લામાં મોહેં-જો-દડો ખાતે ખોદકામ દરમિયાન વિશાળ એવી નગર સભ્યતાના અવશેષો મળી આવ્યા છે. મોહેં-જો-દડોનો અર્થ 'મરેલાંનો ટેકરો' એવો થાય છે.

**(1) નગર રચના :** મોહેં-જો-દડો નગર આયોજનની દૃષ્ટિએ શ્રેષ્ઠ હતું. મકાનો પૂર અને ભેજથી બચવા ઊંચી પ્લિંથ (પીઠિકા) ઉપર બાંધવામાં આવતાં હતાં. શ્રીમંતોનાં મકાનો બે માળવાળા અને પાંચ કે સાત ઓરડાવાળાં હતાં. સામાન્ય વર્ગના લોકોનાં મકાનો એક માળ અને બે કે ત્રણ ઓરડાવાળાં હતાં. સમગ્ર નગરની ફરતે દીવાલની રચના

કરવામાં આવી હતી. મકાનના દરવાજા જાહેર રસ્તાને બદલે અંદર (ગલીમાં) પડતા હતા. અહીં દરેક મકાનમાં કોઠાર, રસોડું અને સ્નાનાગૃહના અવશેષો મળ્યા છે. હવા ઉજાસ માટે બારી-બારણાંની વ્યવસ્થા હતી.

**(2) રસ્તાઓ :** આ નગર રચનાનું વિશિષ્ટ લક્ષણ અહીં આવેલા રસ્તાઓ છે. અહીં મોટે ભાગે 9.75 મીટર પહોળા રસ્તાઓ હતા. નાના-મોટા રસ્તાઓ કાટખૂણે મળતા અને એકથી વધુ વાહનો પસાર થાય એટલા પહોળા હતા. રસ્તાની બાજુમાં રાત્રિપ્રકાશ માટે થાંભલા હોવાનું અનુમાન છે. નગરના સીધા પહોળા રાજમાર્ગો હતા. તે ક્યાંય વળાંક નહિ લેતાં સીધા જ જતા હતા. આ પ્રાચીન સમયની વિશિષ્ટતા ગણાય છે. બે મુખ્ય રાજમાર્ગો હતા. એક માર્ગ ઉત્તરથી દક્ષિણ અને બીજો પૂર્વથી પશ્ચિમ તરફ જતો હતો. બંને માર્ગો મધ્યમાં કાટખૂણે છેદતા હતા.

**(3) ગટર યોજના :** આ નગર રચનાનું વિશિષ્ટ લક્ષણ ગટર યોજના છે. આવી ગટર યોજના સમકાલીન સભ્યતાઓમાં ભૂમધ્ય સમુદ્રના ક્રીટના ટાપુ સિવાય ક્યાંય જોવા મળતી નથી. નગરમાંથી ગંદા પાણીના નિકાલ માટે ગટર બનાવવામાં આવી હતી. દરેક મકાનમાં એક ખાળકૂવો હતો. આવી સુવ્યવસ્થિત ગટર યોજના પરથી લાગે છે કે તે સમયે સુધરાઈ જેવી કોઈ કાર્યક્ષમ વ્યવસ્થા હશે અને તેથી કહી શકાય કે તેઓ સ્વચ્છતા તેમ જ આરોગ્યના ઊંચા ખ્યાલો ધરાવતા હશે.

**(4) જાહેર સ્નાનાગાર :** અહીંથી વિશાળ સ્નાનાગાર મળી આવ્યું છે. સ્નાનકુંડમાં સ્વચ્છ પાણી દાખલ કરવા માટેની અને ગંદું પાણી બહાર કાઢવા માટેની વ્યવસ્થા હતી. ગરમ પાણીની વ્યવસ્થા હશે અને વસ્ત્રો બદલવા માટે ઓરડીઓ મળી આવી છે. ધાર્મિક પ્રસંગે અહીંના લોકો આ સ્નાનાગારનો ઉપયોગ કરતા હશે.

**(5) જાહેર મકાનો :** મોહેં-જો-દડોમાંથી જાહેર ઉપયોગી એવાં બે મકાનો મળ્યાં છે. તેનો ઉપયોગ સભાખંડ કે મનોરંજન ખંડ, વહીવટ ખંડ કે રાજ્યના કોઠાર ખંડ તરીકે થતો હશે. મકાનોની એક હરોળ અહીંથી મળી આવેલ છે જે સૈનિકો માટેની બેરેક હશે.

**(2) હડપ્પા :** સર જહૉન માર્શલ અને કર્નલ મેકેના વડપણ નીચે (ઈ.સ. 1921 માં) દયારામ સહાનીએ પંજાબમાં મોન્ટેગોમરી જિલ્લામાં આવેલા હડપ્પા પાસેથી ભારતીય સભ્યતાના અતિ પ્રાચીન અવશેષોની શોધ કરી. હિમાલય પ્રદેશમાં રોપર, ઉત્તર પ્રદેશના મેરઠ જિલ્લામાં આલમગીરપુર, રાજસ્થાનમાં કાલિબંગન, ગુજરાતમાં ધોળકા તાલુકામાં લોથલ, કચ્છમાં દેશળપુર-શિકારપુર, ધોળાવીરા અને સૌરાષ્ટ્રમાં લિંબડી પાસે રંગપુર, ગોંડલ પાસે શ્રીનાથગઢ (રોઝડી), મોરબી પાસે કુન્તાસી, સોમનાથ વગેરે સ્થળોએથી સિંધુ ખીણની સભ્યતાના અવશેષો પ્રાપ્ત થયા છે.

સપ્તસિંધુ નદીઓનો પ્રદેશ એ આપણા દેશની સંસ્કૃતિનો પ્રદેશ છે. આ પ્રદેશમાં જે સંસ્કૃતિ ખીલી હતી તે સિંધુ ખીણની સંસ્કૃતિ કહેવાય છે. સૌપ્રથમ આ સંસ્કૃતિના અવશેષો હડપ્પા સ્થળેથી મળી આવેલા તેથી તેને હડપ્પીય સંસ્કૃતિ કહેવાય છે. આ સ્થળેથી પાષાણનાં અને તાંબાનાં ઓજારો, ચીજવસ્તુઓ વગેરે મળી આવ્યાં છે. તેથી તેને તામ્રપાષાણ યુગની સંસ્કૃતિ પણ કહે છે. હડપ્પીય સમયનું નગરોનું આયોજન સુવ્યવસ્થિત હતું. તેના મોટા કોઠારો અને કિલ્લેબંધી નોંધપાત્ર છે. તેઓ અલંકારો ધારણ કરવાના શોખીન હશે, તેવા પુરાવાઓ મળ્યા છે.

**(3) ધોળાવીરા :** ભૂજથી લગભગ 140 કિમી દૂર ભચાઉ તાલુકાના મોટા રણના ખદીરબેટના ધોળાવીરા ગામથી બે કિમી દૂર આવેલું હડપ્પાનું સમકાલીન મોટું વ્યવસ્થિત અને પ્રાચીન નગર મળી આવ્યું છે. ગુજરાત રાજ્ય પુરાતત્ત્વ વિભાગે પણ આ ટીંબાનું સર્વેક્ષણ કર્યું હતું. એ પછી આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયાના અધિકારીઓએ સંશોધન હાથ ધર્યું. (ઈ.સ. 1990) રવિન્દ્રસિંહ બિસ્તના માર્ગદર્શન હેઠળ વિશેષ ઉત્ખનન થયું છે.



3.2 ધોળાવીરા

ધોળાવીરાના કિલ્લા, મહેલ તેમજ નગરની મુખ્ય દીવાલોને જે સફેદ રંગ કરવામાં આવ્યો હશે તેના અવશેષો મળી આવ્યા છે. નગરની કિલ્લેબંધીની મજબૂત સુરક્ષા વ્યવસ્થા છે. આ દીવાલ માટી, પથ્થર અને

ઈંટોમાંથી બનાવેલ છે. અહીંથી પીવાનું પાણી શુદ્ધ ગળાઈને આવે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી જે વ્યવસ્થા આજે આધુનિક યુગમાં પણ આપણે કરી શક્યા નથી. પાણીના શુદ્ધિકરણની આ વ્યવસ્થા અદ્ભુત હતી.

**(4) લોથલ :** લોથલ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં આવેલ છે. લોથલ ધોળકા તાલુકામાં ભોગાવો અને સાબરમતી એમ બે નદીઓના વચ્ચેના પ્રદેશમાં આવેલું છે. ખંભાતના અખાતથી 18 કિલોમીટર દૂર છે. તેમાંથી માનવ વસાહતના ત્રણ થર મળ્યા છે. નગરના પૂર્વ છેડે નીચાણવાળા ભાગમાં ભરતીના સમયે, વહાણ લાંગરવા માટે મોટો ધક્કો (ડોકયાર્ડ) બાંધવામાં આવ્યો હતો. આ લોથલની વિશિષ્ટતા છે. આ ધક્કો, વખારો, દુકાનો, આયાત નિકાસના પુરાવા વગેરે દર્શાવે છે. લોથલ તે સમયે ભારતનું સમૃદ્ધ બંદર હશે. ગુજરાત માટે આ ગૌરવ લેવા જેવી બાબત છે. લોથલ ગુજરાતને જ નહિ પરંતુ ભારતના ઈતિહાસને પણ ગૌરવ બક્ષે છે.



3.3 લોથલ

## મૌર્ય કાલીન કલા

સ્તૂપ : સ્તૂપ એટલે ભગવાન બુદ્ધના દેહાવશેષોને એક પાત્રમાં મૂકી તેના પર અર્ધગોળાકાર ઈમારતો બનાવવામાં આવે તેને સ્તૂપ તરીકે ઓળખવામાં આવે છે.

અશોકના સમયના પાંચ સ્તૂપો જાણીતા છે : (1) સાંચીનો સ્તૂપ (2) સારનાથનો સ્તૂપ (3) બેરતનો સ્તૂપ (4) નંદનગઢનો સ્તૂપ અને (5) ગુજરાતમાં દેવની મોરીનો સ્તૂપ. ઉપરાંત ચૈત્યો, વિહારો, મઠો બનાવવામાં આવ્યા છે. સમ્રાટ અશોકનો સમય બૌદ્ધ ધર્મની જાહોજલાલીનો અને શિલ્પ સ્થાપત્યનો યુગ હતો.

સ્થાપત્યના ક્ષેત્રે બૌદ્ધ ધર્મે ગુફાવિહારો, ચૈત્યો (ઉપાસનાગૃહ) અને સ્તૂપોની ભેટ આપી છે.

**સાંચીનો સ્તૂપ :** મૌર્ય યુગમાં રચાયેલ સાંચીનો સ્તૂપ મધ્યપ્રદેશમાં આવેલ છે. સાંચીનો અસલ સ્તૂપ ઈંટોનો બનાવેલો હતો. તે હાલના સ્તૂપ કરતાં કદમાં અડધો હતો. આ બૌદ્ધ સ્તૂપ સ્થાપત્યકલાનો અમૂલ્ય નમૂનો છે.



3.4 સાંચીનો સ્તૂપ

## સ્તૂપની માહિતી

**હર્મિકા**

સ્તૂપના અંડાકાર ભાગની ટોચની ચારે બાજુએ આવેલી રેલિંગ (વાડ)ને 'હર્મિકા' કહે છે. તે સમગ્ર સ્તૂપને આવરી લે છે.

**મેધિ**

સ્તૂપની ચારે બાજુએ ઊંચા રચેલા ગોળાકાર રસ્તાને 'મેધિ' કહે છે. તેનો ઉપયોગ સ્તૂપની આસપાસ પ્રદક્ષિણા માટે કરવામાં આવે છે.

**પ્રદક્ષિણા પથ**

મંદિર અથવા પૂજાનાં સ્થળોએ આવેલા ગોળાકાર રસ્તાને 'પ્રદક્ષિણા પથ' કહે છે. હંમેશાં પવિત્ર સ્થળ જમણી બાજુએ રહે, તે રીતે એ સ્થળની પ્રદક્ષિણા કરવામાં આવે છે.

**તોરણ**

તોરણ એટલે બે સ્તંભ ઉપર સીધા પાટડા કે કમાનના આકારે પથ્થર આડા પાડી કરવામાં આવેલું સુંદર સ્થાપત્ય. તોરણની અંદર થઈને શ્રદ્ધાળુ જનસમુદાય પ્રવેશ કરે છે.

## સ્તંભલેખો

સ્તંભલેખો એક જ શિલામાંથી બનાવેલા હતા. સમ્રાટ અશોકના ધર્માજ્ઞાઓ કોતરેલા સ્તંભલેખો, શિલ્પકલાના ઉત્તમ નમૂનાઓ છે. એક જ પથ્થરમાંથી કોતરીને, ઘસી ઘસીને, ચળકાટ આપવામાં આવતો હતો. આવા સ્તંભો અંબાલા, મેરઠ, અલ્હાબાદ, બિહારમાં લોરિયા પાસે નંદનગઢ, સાંચી, કાશી, પટના અને બુદ્ધ ગયાના બોધિવૃક્ષ પાસે ઊભા કરવામાં આવેલા હતા. જે બ્રાહ્મી લિપિમાં કોતરેલા છે.

## સારનાથનો સ્તંભ

ભારતની શિલ્પકલાનો શ્રેષ્ઠ નમૂનો છે. આ સ્તંભની ટોચ ઉપર પરસ્પર અડકીને ઊભેલા ચાર સિંહોની આકૃતિ છે. સારનાથ ભગવાન બુદ્ધના ઉપદેશનું સ્થાન હોવાથી સિંહોની નીચે ચારે બાજુ ચાર ધર્મચક્રો અંકિત કર્યા છે. એ ચક્ર ધર્મનો વિજય બતાવતું હોવાથી ધર્મચક્ર કહેવાય છે. ઉપરાંત હાથી, ઘોડો કે બળદની શિલ્પકૃતિઓ છે. પ્રજાસત્તાક ભારતના રાષ્ટ્રધ્વજમાં આ ચક્રને સ્થાન આપવામાં આવ્યું છે અને ચાર સિંહોની આકૃતિને ભારતના રાષ્ટ્રીય ચિહ્ન તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. દુનિયાની સર્વોત્તમ શિલ્પકૃતિ પૈકીનો આ એક ઉત્તમ નમૂનો ગણાય છે.



3.5 સારનાથની સિંહાકૃતિ

## શિલાલેખ

સમ્રાટ અશોકના શિલાલેખોમાં ધર્માજ્ઞાઓ કોતરેલા શિલાલેખો અગત્યના છે. કાષ્ઠશિલ્પ, પાષાણશિલ્પ વગેરે સ્થાપત્યો કલાના ઉત્તમ નમૂનાઓની પ્રતીતિ કરાવે છે. લાકડાંઓ અને પથ્થરની વાડ બનાવી દરવાજા પર સુંદર તોરણો કોતરાવ્યાં છે જે ધર્મના આચરણ ઉપર ભાર મૂકે છે. આ શિલાલેખો પેશાવર, દહેરાદૂન, થાણા, મુંબઈ, ધૌલી અને જૌગડા (ઓડિશા) અને ચેન્નાઈ વગેરે સ્થળેથી મળ્યા છે. ગુજરાતમાં જૂનાગઢમાં ગિરનાર પર્વત તરફ જતાં રસ્તામાં (તળેટીમાં) આ પ્રકારનો શિલાલેખ છે. ઉપરાંત ગુજરાતમાં પાલિતાણા શેત્રુંજય પર્વત પરના જૈન મંદિરો, અમદાવાદના હઠીસિંહના જૈન દેરાસરમાં (ઈ.સ. 1847)માં સઘળી માહિતી આપતા શિલાલેખો સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં કોતરાવીને મૂકેલા છે.

## દક્ષિણ ભારતની દ્રવિડ શૈલી

ભારતની કૃષ્ણા અને ગોદાવરી નદીઓની આસપાસના વિસ્તારમાં સાતવાહન વંશના રાજાઓના સમય દરમિયાન અનેક બૌદ્ધ સ્તૂપો બંધાયા હતા. આ સ્તૂપો અર્ધગોળાકાર, અંડાકાર તેમજ ઘંટાકાર ટોચવાળા હતા. નાગાર્જુન કોંડાનો સ્તૂપ અને અમરાવતીનો સ્તૂપ દ્રવિડ શૈલીના સર્વશ્રેષ્ઠ નમૂનાઓ છે. ચૌલ રાજાઓએ દ્રવિડ શૈલીની સ્થાપત્ય કલાને ઉચ્ચ કક્ષાએ પહોંચાડી હતી.

## ગુપ્તકાલીન કલા

ગુપ્તયુગમાં શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર, નૃત્ય, સંગીત વગેરેનો શ્રેષ્ઠ વિકાસ થયો હતો. જબલપુરનું (નિનાવા) પાર્વતી મંદિર, ભૂમરા (નાગોડા)નું શિવમંદિર, એરણ (મધ્યપ્રદેશ)નું નૃસિંહ મંદિર, જામનગરનું ગોપમંદિર, સ્તૂપો ચૈત્યો, મઠો, વિહારો, ધ્વજ, સ્તંભો વગેરે ગુપ્તયુગની કલાઓના નમૂના છે. ઉપરાંત શિલ્પકલામાં સારનાથની બુદ્ધ પ્રતિમાઓ, મથુરાની વિષ્ણુ પ્રતિમા અને મહાવીર સ્વામીની પ્રતિમા, ઉદયગિરિની ગુફાની, વિષ્ણુના વરાહ સ્વરૂપની પ્રતિમા વગેરે ભારતીય ગુપ્તકાલીન કલાના સર્વોત્તમ નમૂનાઓને લીધે ગુપ્તયુગ કલાનો 'સુવર્ણયુગ' કહેવાય છે.

## ગુફા સ્થાપત્ય (ગુફાઓ)

ભારતવર્ષનાં ગુફાસ્થાપત્યો મનુષ્યકૃત સૌંદર્ય ધામો ગણાય છે. ઔરંગાબાદ પાસે આવેલ અજંતા-ઈલોરાની ગુફાઓ, મુંબઈ પાસેની એલિફન્ટાની ગુફાઓ, ઓડિશામાં ભુવનેશ્વરની પશ્ચિમે ઉદયગિરિ, ખંડગિરિ ગુફાઓ, મધ્યપ્રદેશની બાઘની ગુફાઓ, ગુપ્તકાલીન ગુફાસ્થાપત્યના પ્રસિદ્ધ નમૂનાઓ છે. ગુજરાતમાં ખંભાલીડા (ગોંડલ), ઢાંક (રાજકોટ), જૂનાગઢ ખાતે ત્રણ ગુફા સમૂહો, તળાજા, સાણા વગેરે સ્થળે ગુફાઓ મળી આવેલ છે. અશોકના ગુફાલેખો ગયાથી 16 માઈલ દૂર આવેલા બર્બરના પહાડની ત્રણ ગુફાઓની દીવાલો પર કોતરાયેલા છે. તેમાં સમ્રાટ અશોકે આજીવન કરેલાં દાનકાર્યોની વિગતો છે. આસામની દાર્જીલિંગની ગુફા, બિહારની સુદામા અને સીતાની ગુફા વગેરે પ્રખ્યાત ગુફા સ્થાપત્ય છે.

અજંટા, ઈલોરા અને એલિફન્ટાની પ્રસિદ્ધ ગુફાઓ વિશે પ્રકરણ-6 માં વિગતે માહિતી આપવામાં આવી છે.

## ગુજરાતની ગુફાઓ

**(1) જૂનાગઢ ગુફાઓ :** જૂનાગઢમાં ત્રણ ગુફા સમૂહ આવેલા છે.

(1) બાવાપ્યારાનો ગુફા સમૂહ : આ ગુફા બાવાપ્યારાના મઠ પાસે આવેલ છે. આ ગુફાઓ ત્રણ હારમાં અને પરસ્પર કાટખૂણે જોડતી પથરાયેલી છે. પહેલી હારમાં ચાર, બીજી હારમાં સાત અને ત્રીજી હારમાં પાંચ ગુફાઓ મળી કુલ 16 ગુફાઓ છે. તે ઈસ્વીસનના આરંભની સદી દરમિયાન કંડારેલી હોવાની શક્યતા છે.

(2) ઉપરકોટની ગુફાઓ : આ ગુફાઓ બે મજલામાં આવેલ છે, નીચે ઉપર જવા સોપાન શ્રેણી છે. ઉપરકોટની ગુફાઓ ઈ.સ. બીજી સદીના ઉત્તરાર્ધથી ચોથી સદીના પૂર્વાર્ધ સુધીમાં કંડારેલી હોવી જોઈએ.

(3) ખાપરા કોડિયાની ગુફાઓ, કુંડ ઉપરની ગુફાઓ : આ ગુફાઓ મજલાવાળી હશે તેમ પ્રાપ્ત થયેલા અવશેષો પરથી કહી શકાય. ગુફાઓને નુકસાન થયેલ છે. કુલ 20 સ્તંભ આવેલ છે. આ ગુફા ઈ.સ. ત્રીજી સદીમાં કંડારેલી હોવાની શક્યતા છે.

**(2) ખંભાલીડા ગુફા :** રાજકોટથી 70 કિમી દૂર ગોંડલ પાસે આવેલા ખંભાલીડામાંથી આ ગુફાઓ (ઈ.સ. 1959માં) શોધાઈ છે. તેમાં ત્રણ ગુફાઓ નોંધપાત્ર છે. વચ્ચેની ગુફામાં સ્તૂપયુક્ત ચૈત્યગૃહ, પ્રવેશ માર્ગોની ઉભય બાજુએ વૃક્ષને આશ્રયે ઊભેલા બૌદ્ધિસત્ત્વ અને કેટલાક ઉપાસકોની મોટી આકૃતિઓ બીજી-ત્રીજી સદીની છે.

**(3) તળાજા ગુફા :** શેત્રુંજી નદીના મુખપાસે ભાવનગર જિલ્લામાં તળાજાનો ડુંગર આવેલ છે. તે 'તાલધ્વજગિરિ' તીર્થધામ તરીકે પ્રખ્યાત છે. પથ્થરો કોતરીને 30 ગુફાઓની રચના કરવામાં આવી છે. આ ગુફાઓની સ્થાપત્યકલામાં

વિશાળ દરવાજો આવેલો છે. 'એભલમંડપ' (સભાખંડ) અને ચૈત્યગૃહ સુરક્ષિત અને શિલ્પ સ્થાપત્યની દૃષ્ટિએ ઉત્કૃષ્ટ છે. બૌદ્ધ ધર્મના સ્થાપત્યોથી આ ગુફાઓ ઈસ્વીસનની ત્રીજી સદીની છે.

**(4) સાણા ગુફા :** ગિર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના વાંકીયા ગામ પાસે રૂપેણ નદી ઉપર સાણાના ડુંગરો ઉપર આ ગુફાઓ આવેલી છે. સાણા ડુંગર ઉપર મધપૂડાની જેમ 62 જેટલી ગુફાઓ પથરાયેલી છે.

**(5) ઢાંક ગુફા :** રાજકોટ જિલ્લામાં ઉપલેટા તાલુકાના ઢાંક ગામમાં ઢંકગિરિ આવેલો છે. ઢાંકની ગુફાઓ ચોથી સદીના પૂર્વાર્ધની હોવાનું જણાય છે.

**(6) ઝીંઝુરીઝર :** ઢાંકની પશ્ચિમે સાતેક કિમીના અંતરે સિદસર પાસેની ઝીંઝુરીઝરની ખીણમાં કેટલીક બૌદ્ધ ગુફાઓ આવેલી છે. ઈ.સ.ની પહેલી અને બીજી સદીની હોય તેમ મનાય છે.

**(7) કચ્છની ખાપરા કોડિયાની ગુફાઓ :** કચ્છના લખપત તાલુકામાં જૂના પાટગઢ પાસેના પહાડમાં આ ગુફાઓ આવેલી છે. કુલ બે ગુફાઓ છે. (ઈ.સ. 1967માં) આ ગુફાઓ કે. કા. શાસ્ત્રીએ શોધી કાઢી છે.

**(8) કડિયાડુંગર ગુફા :** ભરૂચ જિલ્લાના ઝઘડીયા તાલુકામાં કડિયાડુંગરની ત્રણ ગુફાઓ આવેલી છે. એ બૌદ્ધ ધર્મની પ્રાચીન સ્થાપત્ય કલાનો ઉત્તમ નમૂનો ગણાય છે. અહીં ગુફા સ્થાપત્ય બેનમૂન છે. એક જ પથ્થરમાં કંડારેલો 11 ફૂટ ઊંચો એક સિંહ સ્તંભ છે. સ્તંભના શિરો ભાગે બે શરીરવાળી અને એક મુખવાળી સિંહાકૃતિ છે.

## રથમંદિરો

દક્ષિણ ભારતમાં એક પથ્થરમાંથી કે ખડકમાંથી કોતરીને બનાવેલ જગવિખ્યાત રથમંદિરો પલ્લવ યુગની આગવી ઓળખ છે. કાંચીનું કૈલાસનાથનું અને વૈંકટપેરૂમલનું મંદિર કલા સ્થાપત્યનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. આ ઉપરાંત મહાબલિપુરમ્‌નો મંડપ અને મહાબલિપુરમ્‌ના રથમંદિરો વિશ્વ વિખ્યાત છે. દરેક રથમંદિરો એક જ ખડક કાપીને બનાવવામાં આવ્યા છે. આ રથોના નામ પાંડવોના નામ પરથી રાખવામાં આવ્યાં છે. સૌથી મોટું રથમંદિર ધર્મરાજનું અને નાનું રથમંદિર દ્રૌપદીનું છે.



3.6 રથમંદિર

## મંદિર સ્થાપત્ય (મંદિરો)

મંદિર સ્થાપત્યમાં ઊંચી પીઠિકાઓ ઉપર સીડીઓવાળાં અને શિખરબદ્ધ મંદિરો જોવા મળે છે. કેટલાક સપાટ મંદિર છે. ગર્ભગૃહની આસપાસ પ્રદક્ષિણા પથ રાખવામાં આવતો.


સ્થાપત્યકલાનાં શ્રેષ્ઠ મંદિરોમાં જબલપુરનું ભૂમરાનું શિવમંદિર, દક્ષિણ ભારતનું બીજાપુરનું લારખાનનું મંદિર, નાલંદા (સુલતાનગંજ)ની ભગવાન બુદ્ધની તામ્રમૂર્તિઓ તથા મથુરાના જૈન મંદિરની પ્રતિમા શિલ્પકલાક્ષેત્રે અદ્વિતીય છે. તેમાં પલ્લવ રાજાઓનું મોટું યોગદાન છે. પલ્લવોની રાજધાની કાંચી ખાતે બંધાયેલાં મંદિરો અત્યંત પ્રસિદ્ધ છે.

ચોલવંશની રાજધાની થંજાવુરમાં હતી. અહીં બૃહદેશ્વરનું મંદિર ચોલવંશના રાજરાજ પ્રથમે બંધાવ્યું હતું. આ મંદિર લગભગ 200 ફૂટ ઊંચું છે. પ્રાચીન ભારતનું આ અજોડ મંદિર છે.

## 'ગોપુરમ્' સ્થાપત્ય

'ગોપુરમ્' એટલે મંદિરનું પ્રવેશદ્વાર. દક્ષિણ ભારતના પાંડ્ય શાસકોએ મંદિર નિર્માણ વેગવંતુ બનાવ્યું. તેમણે મંદિરની બહાર ઊભી દીવાલો અને ઊંચા સુંદર સુશોભિત દરવાજાઓની રચના કરી. આ મંદિરના દરવાજાઓ 'ગોપુરમ્' ને નામે ઓળખાય છે. મંદિરોને બદલે 'ગોપુરમ્'ની કલાત્મક સુંદરતાનો મહિમા વધી ગયો હતો.

કાંચી અને મદુરાઈના મંદિરોના 'ગોપુરમ્' દૂરથી જોઈને આજે પણ કલા રસિકો મંત્રમુગ્ધ બની જાય છે.




3.7 દક્ષિણ ભારતીય મંદિરનું રેખાચિત્ર

### ગોપુરમ્ સ્થાપત્ય
### મંદિરના રેખાચિત્રની માહિતી

**ગર્ભગૃહ**

ગર્ભગૃહ મુખ્યત્વે એક નાનો અને અંધકારયુક્ત ઓરડો હોય છે, જેમાં મંદિરની પ્રતિમાને સ્થાપિત કરવામાં આવે છે. સામાન્યતઃ ચાર ખૂણા ધરાવતો આ ભાગ મોટે ભાગે લંબચોરસ હોય છે. ગુજરાતમાં તેને 'ગભારો' કહે છે.

**ગોપુરમ્**

'ગોપુરમ્' દક્ષિણ ભારતમાં મંદિરોનું પ્રવેશદ્વાર છે. ગોપુરમ્ સ્થાપત્ય ઉપરથી અર્ધગોળાકાર હોય છે. ગોપુરમ્‌ને મજબૂત બનાવવા માટે તેના નીચેના બે માળને ઉર્ધ્વાકાર બનાવવામાં આવે છે.

**મંડપ**

આ સ્થાપત્ય સ્તંભો ઉપર રચાયેલ મોટો હોલ અથવા મંદિરના મુખ્ય દ્વારની સામે રચવામાં આવેલ એક વિશાળ વિસ્તાર છે.

**શિખર**

ગર્ભગૃહના સૌથી ઊંચાણવાળા બાહ્ય ભાગ ઉપર અણીદાર બનાવવામાં આવેલી આકૃતિને શિખર કહે છે. આવા શિખરોને પિત્તળ કે સોનાથી મઢવામાં આવે છે.

**વિમાન**

વિમાન મંદિરનો જ એક ભાગ છે, જે વર્ગાકાર અથવા ઢોળાવ આકારમાં રચવામાં આવે છે. તે ઘણા માળ સાથે પિરામિડ જેવા હોય છે અને ઉપરનો ભાગ શિખર (ટોચ) તરફ જાય છે.

ઓડિશામાં કોણાર્કનું સૂર્ય મંદિર આવેલું છે આ મંદિર રથ મંદિરનું એક સ્વરૂપ છે.

તાંજોરમાં બૃહદેશ્વર મંદિરને તેર માળનું 'ગોપુરમ્' છે. આ સમયની ધાતુ તથા પથ્થરની મૂર્તિઓની આગવી વિશિષ્ટતા છે. નટરાજની કાંસ્યપ્રતિમા તત્કાલીન મૂર્તિકલાનું ઉત્તમ ઉદાહરણ છે. ચોલમંદિરો કલા-સ્થાપત્યને ક્ષેત્રે આગવી પ્રતિભા અને ભવ્યતા ધરાવે છે.




3.8 કોણાર્કનું સૂર્યમંદિર

મદુરાઈમાં ભારતભરનું ભવ્ય મીનાક્ષી મંદિર આવેલું છે. તે વિશાળ જગ્યાએ પથરાયેલ છે. મંદિરના મુખ્ય ચાર 'ગોપુરમ્' છે. સ્થાપત્યની દૃષ્ટિએ વિશિષ્ટતા ધરાવતું તે શ્રેષ્ઠ મંદિર છે. ખજૂરાહો મધ્યયુગના સમયમાં બુંદેલખંડના ચંદેલ રાજપૂતોની રાજધાનીનું નગર હતું. ચંદેલ રાજાઓએ ખજૂરાહોનાં સુંદર મંદિરોનું નિર્માણ કરાવ્યું હતું. શિખરબદ્ધ તેમ જ ભવ્યાતિભવ્ય એવાં આ મંદિરોની શૈલી બીજાં મંદિરો કરતાં તદ્દન જુદી હતી.

## જૈન મંદિરો (દેરાસરો)

ભારતમાં વિવિધ સ્થળોએ જૈન મંદિર આવેલાં છે. રાજગૃહમાં વૈભાર, વિપુલાચલ, રત્નગિરિ, ઉદયગિરિ અને શ્રમણગિરિ નામનાં પાંચ જૈન મંદિરો છે. સમેત શિખરજી(બિહાર) સિદ્ધક્ષેત્ર જૈન તીર્થધામ આવેલું છે. તેને મધુવન કહે છે. અહીં આદિનાથ ભગવાન અને બીજા 20 તીર્થંકરો નિર્વાણ પામ્યા હતા. અહીં અભિનંદન નાથજી અને પાર્શ્વનાથજીનાં મંદિરો છે. અહીં ભગવાન મહાવીર પધારેલા અને અહીં કેટલાક મુનિઓ મોક્ષ પામેલા. ગુજરાતમાં જૈન દેરાસર પાલિતાણામાં અને પંચાસરા મંદિર શંખેશ્વરમાં છે. રાજસ્થાનમાં માઉન્ટ આબુના દેલવાડા અને રાણકપુરનાં જૈન દેરાસરો બાંધકામ, કોતરકામ, કલાકારીગરી અને શિલ્પકલા વગેરેની દૃષ્ટિએ બેનમૂન અને અદ્દ્ભુત છે. ખાસ કરીને આબુ ઉપરનાં દેલવાડાનાં દેરાં જે ગુજરાતના મંત્રી વિમલશાહે બંધાવેલ 'વિમલવસહિ' અને બીજા મંત્રી વસ્તુપાળે બંધાવેલ 'લુણવસહિ' નામના દેવાલયો તેમની અજોડ કારીગરી અને આરસપહાણમાં બારીક, મનોહર શિલ્પકામ માટે માત્ર ભારતમાં જ નહિ, પરંતુ વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. આ દેવાલયો જૈન ધર્મની ભારતીય સંસ્કૃતિને અર્પણ થયેલી અજોડ અને યાદગાર ભેટ છે. જૈન મંદિરો શિલ્પ અને સ્થાપત્યકલાથી જગવિખ્યાત છે.



3.9 પાલિતાણા

**મોઢેરાનું સૂર્યમંદિર :** ગુજરાતના મોઢેરા(મહેસાણા) ખાતે આવેલ સૂર્યમંદિર (ઈ.સ. 1026માં) સોલંકી યુગના રાજવી ભીમદેવ પ્રથમના શાસનકાળમાં બંધાયું હતું. આ મંદિરનું પૂર્વ દિશામાં આવેલ પ્રવેશદ્વાર એવી રીતે રચાયેલું છે કે સૂર્યનું પ્રથમ કિરણ મંદિરની છેક અંદર ગર્ભગૃહમાં રહેલી સૂર્યપ્રતિમાના મુકુટની મધ્યમાં રહેલા મણિ પર પડતાં સમગ્ર મંદિર પ્રકાશથી ઝળહળી ઊઠતું અને સમગ્ર વાતાવરણમાં જાણે કે દિવ્યતા પ્રગટતી. આ મંદિરમાં સૂર્યની 12 વિવિધ મૂર્તિઓ અંકિત થયેલી આજે પણ જોઈ શકાય છે. આ મંદિરનું નકશીકામ ઈરાની શૈલીમાં થયેલું છે. મંદિરની બહારના જળકુંડની ચારે બાજુ નાનાં નાનાં કુલ 108 જેટલાં મંદિરો આવેલાં છે. ત્યાં ઉષા અને સંધ્યાકાળે પ્રગટતી દીપમાલાને લીધે એક નયનરમ્ય દૃશ્ય ઊભું થતું હતું

## મધ્યકાલીન સ્થાપત્ય

**(1)** મધ્યયુગમાં મસ્જિદો, મિનારા, શાહી મહેલો, પુલો, તળાવો, સરાઈ (ધર્મશાળા)નાં સ્થાપત્યો આવેલાં છે. કુતબુદ્દીન ઐબકે દિલ્લીમાં કુતુબમિનાર અને 'કુવ્વત-ઉલ-ઈસ્લામ' નામની મસ્જિદ બંધાવી તેમ જ કુતબુદ્દીન

ઐબકે બંધાવેલ 'ઢાઈ-દિનકા-ઝોંપડા' નામની મસ્જિદ અજમેરમાં છે.

**(2) બંગાળ :** બંગાળ પ્રાંતમાં પંડુઆ નામના સ્થળ પર અદીના મસ્જિદ, જલાલુદ્દીન મુહમ્મદ શાહનો મકબરો અને તાંતીપાડાની મસ્જિદનું નિર્માણ થયેલું. સ્થાપત્યક્ષેત્રે આ પ્રાંતે પોતાની અલગ વિશિષ્ટ શૈલી વિકસાવી હતી.

**(3) જૌનપુર :** જૌનપુરમાં તુર્કી સુલતાનોએ અટાલા મસ્જિદ બનાવી હતી. તેના ગુંબજની આસપાસ સુંદર કલાત્મક જાળી છે. તેની દીવાલો અને છત ઉપર કમળસહિત વિવિધ ભારતીય આકૃતિઓનું નિર્માણ કરવામાં આવ્યું છે.

**(4) માળવા :** સુલતાનોના રક્ષણમાં માંડુની ઇમારતોની વિશિષ્ટ શૈલી જોવા મળે છે તથા ત્યાં અનેક મકબરાઓનું નિર્માણ થયેલું છે. આ ઇમારતોમાં વિશાળ અને પ્રભાવશાળી ગુંબજો અને બારીઓ ખૂબ નકશીદાર છે. તેમાંય હોશંગાશાહનો મકબરો તો સંપૂર્ણ આરસથી સુશોભિત ભારતીય શૈલીનો છે.

**(5) અન્ય પ્રાંતો :** આ ઉપરાંત કશ્મીર (કંગૂર-બુરજ) બહ્મની સુલતાનોએ બીડર ગુલબર્ગાની અનેક ઇમારતો અને મહમૂદ ગાવાંની મદરેસા, બીજાપુરનો ગોળગુંબજ તેમજ વિજયનગર સામ્રાજ્યની સ્થાપત્યકલામાં હમ્પીનું વિઠ્ઠલસ્વામી હજારારામ મંદિર તેમજ ગોપુરમ્ તથા કલાત્મક નકશીકલાયુક્ત સ્તંભો સુપ્રસિદ્ધ છે.

## ગુજરાતની સ્થાપત્યકલા

ગુજરાતનાં શિલ્પ, સ્થાપત્યકલામાં વિવિધ ધર્મનાં મંદિરો, મસ્જિદો, બૌદ્ધ ધર્મના વિહારો, મઠો, સ્તૂપો, ચૈત્યો, ગુફામંદિરો, જૈન ધર્મના દેરાસરો, ઉપરાંત બીજાં અનેક પ્રકારનાં સમાજ ઉપયોગી બાંધકામો જેવાં કે રાજમહેલો, કિલ્લાઓ, છતરડીઓ, દરવાજાઓ, કીર્તિતોરણ, ધર્મશાળાઓ, ઉપાશ્રયો, વિસામાઓ, ચબૂતરા, ઝરૂખાઓ, ઘુમ્મટો, તોરણો, કૂવાઓ, વાવ, સરોવરો, તળાવો, પશુ-પ્રાણીઓની આબેહૂબ આકૃતિઓ સર્વાંગ સુંદર અને અતિભવ્ય ગણાય છે.



3.10 વડનગરનું કીર્તિતોરણ



3.11 સોમનાથનું મંદિર

**(1) મંદિરો :** ધાર્મિકક્ષેત્રે ગુજરાતમાં વિવિધ ધર્મનાં મંદિરોની રચના થઈ છે. જેવાં કે ભદ્રકાળી મંદિર, ગીતામંદિર, વેદ મંદિર, જગન્નાથ મંદિર (જમાલપુર, અમદાવાદ), રણછોડરાયજી મંદિર (ડાકોર), સૂર્યમંદિર (મોઢેરા), હાટકેશ્વર મહાદેવ (વડનગર), અંબાજી મંદિર, શામળાજી મંદિર, સોમનાથ મંદિર, જગત મંદિર (દ્વારકા), બહુચરાજી મંદિર, મહાકાલી મંદિર (પાવાગઢ) સ્વામીનારાયણ મંદિરો, બ્રહ્માજી મંદિર (ખેડબ્રહ્મા), ખોડિયાર માતાજી મંદિર (ભાવનગર) આશાપુરા માતાનો મઢ (કચ્છ) વગેરેના મંદિરોનો સમાવેશ થાય છે.

**(2) મસ્જિદો :** અમદાવાદમાં ત્રણ દરવાજા નજીક જામા મસ્જિદ આવેલી છે. આ મસ્જિદ સુલ્તાન અહમદશાહ

પહેલાએ બંધાવી હતી. (ઈ.સ. 1424માં) એમાં 260 સ્તંભો પર 15 ગુંબજોની રચના કરવામાં આવી છે. બારીક કોતરણીવાળી સીદી સૈયદની જાળી, મસ્જિદ, સરખેજનો રોઝો, ઝૂલતા મિનારા (અમદાવાદ), રાણી સિપ્રીની મસ્જિદ જે 'મસ્જિદે નગીના'ના નામે ઓળખાય છે. આ ઉપરાંત જામી મસ્જિદ (ચાંપાનેર) અને ગુજરાતનાં મોટાં શહેરોમાં મસ્જિદો આવેલી છે.


**(3) જૈન દેરાસરો (જૈન મંદિરો) :** હઠીસિંહનાં જૈન દેરાસરો, કુંભારિયાજી, શંખેશ્વર, સિદ્ધગિરિ શેત્રુંજયગિરિ પાલિતાણા વગેરે શિલ્પ સ્થાપત્ય અને કોતરણીની દૃષ્ટિએ દાદ માગી લે તેવાં છે.

**(4) ગુજરાતની વાવ :** અડાલજની વાવ, દાદા હરિની વાવ (દાઈહરીની વાવ, અમદાવાદ), રાણીની વાવ (પાટણ), ડભોઈની વાવ (ડભોઈ) વગેરે સુંદર વાવો આવેલી છે.



3.12 અડાલજની વાવ

આ ઉપરાંત સ્થાપત્યકલામાં ભદ્રનો કિલ્લો, ત્રણ દરવાજા, નગીનાવાડી, કાંકરિયા તળાવ (અમદાવાદ), રુદ્ર મહાલય (સિદ્ધપુર), સહસ્ત્રલિંગ તળાવ (પાટણ), શામળશાની ચોરી, તાનારીરી સમાધિ, કીર્તિતોરણ (વડનગર), મુનસર તળાવ (વિરમગામ), મલાવ તળાવ (ધોળકા) વગેરે સ્થાપત્ય કલાના ઉત્તમ નમૂનાઓ છે. જે ગુજરાતની ગરિમાને ઉચ્ચ સ્થાન અપાવે છે. આજે ગુજરાત વિશ્વના નકશામાં શિલ્પ-સ્થાપત્યકલા કારીગરી અને કોતરણીના ક્ષેત્રે તેજસ્વી તારલાની જેમ ઝળહળી ઊઠ્યું છે.




3.13 મસ્જિદ સ્થાપત્યનું રેખાચિત્ર

### મસ્જિદના રેખાચિત્રની માહિતી

**ગલિયારા**

મસ્જિદની અંદર આવવા-જવાનો રસ્તો

**કિબલા**

સ્થાપત્યનો આ ભાગ મસ્જિદ અથવા નમાઝ પઢવાના હોલની દીવાલ છે, જે હંમેશાં મક્કાના કાબાની દિશામાં જ બનાવવામાં આવે છે.

**લિવાન**

મસ્જિદના સ્તંભોવાળા ઓરડાને 'લિવાન' કહે છે.

**મકસુરા**

મસ્જિદના કિબલા (દીવાલ)ના અંતના ભાગને 'મકસુરા' કહે છે. રેલિંગ દ્વારા આ ભાગને અલગ કરવામાં આવેલ હોય છે.

**મહેરાબ**

મહેરાબ, કિબલા (દીવાલ)માં બનેલ ભાગને કહે છે. તે મોટેભાગે એક સામાન્ય માનવીની ઊંચાઈ જેટલો હોય છે. તે મક્કા તરફની સાચી દિશા બતાવે છે. (ભારતના સંદર્ભમાં મહેરાબ પશ્ચિમ દિશામાં હોય છે.)

**સહન**

સ્થાપત્યનો આ ભાગ મસ્જિદનું પ્રાંગણ કહેવાય છે, જેમાં ઇસ્લામ ધર્મના અનુયાયીઓ નમાઝ માટે એકત્રિત થાય છે.

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર આપો :

(1) પ્રાચીન ભારતનું નગર આયોજન સમજાવો.

(2) મોહેં-જો-દડોની નગર રચનામાં રસ્તાઓ અને ગટર યોજના વિશે માહિતી આપો.

(3) ગુજરાતની ગુફાઓ વિશે માહિતી આપો.

### 2. નીચેના પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો :

(1) ધોળાવીરા વિશે માહિતી આપો.

(2) લોથલ ભારતનું અગત્યનું બંદર હતું. સમજાવો.

(3) સ્તંભલેખો પરની કલા વિશે માહિતી આપો.

(4) મોઢેરાના સૂર્યમંદિર વિશે નોંધ લખો.

### 3. નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં આપો :

(1) શિલ્પ એટલે શું ?

(2) સ્થાપત્ય એટલે શું ?

(3) મોહેં-જો-દડોનો અર્થ સમજાવી તેના રસ્તાની માહિતી આપો.

(4) સ્તૂપની સમજૂતી આપો.

**4. નીચેના દરેક પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો :**

(1) સંસ્કૃત ભાષામાં સ્થાપત્ય માટે બીજો કયો શબ્દ વપરાય છે ?

(A) વાસ્તુ (B) કોતરણી (C) મંદિર (D) ખંડેર

(2) લોથલમાં વહાણ લાંગરવા માટે શું બાંધવામાં આવતું હતું ?

(A) ખીલો (B) થાંભલો (C) ધક્કો (D) જાળી

(3) સ્તંભલેખો કઈ લિપિમાં કોતરાયેલા છે ?

(A) હિન્દી (B) બ્રાહ્મી (C) ઉર્દૂ (D) ઉડીયા

(4) ગુજરાતના ......... ખાતે સૂર્યમંદિર આવેલું છે.

(A) મોઢેરા (B) વડનગર (C) ખેરાલુ (D) વિજાપુર

(5) અમદાવાદમાં ત્રણ દરવાજાની નજીક કઈ મસ્જિદ આવેલી છે ?

(A) જામા મસ્જિદ (B) જુમ્મા મસ્જિદ (C) સિપ્રીની મસ્જિદ (D) મસ્જિદે નગિના

**પ્રવૃત્તિ**

- ભારતમાં આવેલ ઐતિહાસિક સ્થળોની યાદી તૈયાર કરો.
- ભારતનાં સ્થાપત્યનાં ઐતિહાસિક ચિત્રો એકત્રિત કરી આલબમ તૈયાર કરો.
- લોથલ, ધોળાવીરા તથા મોઢેરાના સૂર્યમંદિરની મુલાકાત ગોઠવો.
- તમારા વિસ્તારમાં આવેલા ઐતિહાસિક સ્થળોની મુલાકાત લઈ વર્ગખંડમાં તેની ચર્ચા કરો.

•